| | |
|---|---|
| પોલીસી શિર્ષક: મેડિકલ ફાયનાન્સીયલ આસીસ્ટન્સ | પોલીસી નંબર: **NATL.CB.307** |
| માલિક વિભાગ: **National Community Benefit** | અમલ તારીખ: **જાન્યુઆરી 1, 2020** |
| કસ્ટોડિયન: ડિરેક્ટર, મેડિકલ ફાયનાન્સીયલ આસીસ્ટન્સ | પાનું: **1 નું 25** |

## 1.0 પોલીસી નિવેદન

નબળી વસતિઓ માટે સંભાળના ઉપયોગની સુવિધા આપતા કાર્યક્રમો પૂરાં પાડવા માટે Kaiser Foundation Health Plans (KFHP) અને Kaiser Foundation Hospitals (KFH) સમર્પિત છે. સંકટકાલિન અને તબીબી આવશ્યક સંભાળનો ઉપયોગ કરવા માટે સેવાઓની ચૂકવણી કરવાની ક્ષમતા બંધનકર્તા હોય ત્યારે લાયક ઓછી આવક ધરાવતા વીમારહિત અને નીચે દર્શાવેલ દર્દીઓને નાણાંકીય સહાય પૂરી પાડવાનો આ સમર્પણ સમાવેશ કરે છે.

## 2.0 હેતુ

આ પોલીસી લાયક થવા માટેની અને સંકટકાલિન સ્થિતિ માટે નાણાંકીય સહાય પ્રાપ્ત કરવાની આવશ્યકતાઓનું અને મેડિકલ ફાયનાન્સીયલ આસીસ્ટન્સ (Medical Financial Assistance, MFA) પ્રોગ્રામ મારતે આવશ્યક સેવાઓનું વર્ણન કરે છે. યુનાઇટેડ સ્ટેટ્સ ઇન્ટર્નલ રેવન્યુ કોડની કલમ 501(r) અને લાયક સેવાઓ સંલગ્ન લાગુ સ્ટેટ નિયમો, કેવી રીતે ઉપયોગ કરવો, પ્રોગ્રામ લાયકાત માપદંડ, MFA ફાળવણીઓના માળખા, ગણતરી મુજબ ફાળવણી રકમ માટે આધાર સાથે અને મેડિકલ બિલ્સની ચૂકવણી થયેલ ન હોય તેવા કિસ્સામાં માન્ય પગલાં સાથે આવશ્યકતાઓ સુસંગત છે.

## 3.0 અવકાશ

નીચેની સંસ્થાઓ અને તેની પેટા સંસ્થાઓ (સમુહિત રીતે "KFHP/H" તરીકે ઓળખાય છે) દ્વારા રોજગાર મેળવતા કર્મચારીઓને આ પોલીસી લાગુ થાય છે:

**3.1** Kaiser Foundation Health Plan, Inc.,

**3.2** Kaiser Foundation Hospitals અને

**3.3** KFHP/H ની પેટા સંસ્થાઓ.

**3.4** આ પોલીસી સાથે બિડેલ પુરવણી, *વિભાગ I માં સૂચિત Kaiser Foundation Hospitals,* Kaiser Foundation Hospitals, અને સંદર્ભ દ્વારા અહીં સંલગ્ન હોય તેને લાગુ થાય છે.

## 4.0 વ્યાખ્યાઓ

પુરવણી A – પારિભાષિક શબ્દકોશ જુઓ.

*Proprietary Information. Kaiser Permanente. All rights reserved.*

**5.0 જોગવાઇઓ**

KFHP/H એ નબળાં-તપાસ થયેલ MFA પ્રોગ્રામની જાળવણી કરે છે જેથી દર્દીની વય, ખોડખાંપણ, જાતિ, વંશ, ધાર્મિક સામેલગીરી, સામાજિક અથવા વસાહતી સ્થિતિ, જાતીય કેન્દ્રીકરણ, રાષ્ટ્રીય મૂળ, અને દર્દી સ્વાસ્થ્ય કવચ ધરાવતા હોય કે નહીં તે બાબતોને ધ્યાને ન લેતા લાયક દર્દીઓ માટે ઇમરજન્સી અને તબીબી આવશ્યક સંભાળ મેળવવા માટે નાણાંકીય બંધનોને હળવાં કરી શકાય.

**5.1 MFA પોલીસી હેઠળ પાત્ર અને અપાત્ર હોય તેવી વિશેષ સેવાઓ.** જોડેલ પૂરવણી, *Sવિભાગ II, MFA પોલીસી હેઠળ વધારાની સેવાઓ પાત્ર છે અને પાત્ર નથી* માં જણાવવામાં આવ્યું ન હોય તે સિવાય.

**5.1.1 લાયક સેવાઓ.** ઇમરજન્સી અને તબીબી રીતે આવશ્યક સ્વાસ્થ્ય સંભાળ સેવાઓ, ફાર્મસી સેવાઓ અને ઉત્પાદો અને KP સુવિધાઓ (જેમ કે, હોસ્પીટલ્સ, મેડિકલ સેન્ટર્સ, અને મેડિકલ ઓફિસ બિલ્ડીંગ્સ) ખાતે પૂરી પાડવામાં આવતા તબીબી પુરવઠા, KFHP/H ખાતે બહારના દર્દી ફાર્મસીઓ, અથવા Kaiser Permanente (KP) પુરસ્કરતા દ્વારા સેવાઓમાં MFA લાગુ થઇ શકે છે. નીચે દર્શાવેલ સેવાઓ અને ઉત્પાદો માટે પણ MFA લાગુ થઇ શકે છે:

**5.1.1.1 તબીબી દ્રષ્ટિએ આવશ્યક સેવાઓ.** સંભાળ, સારવાર, અથવા આદેશ કરવામાં આવેલ સેવાઓ અથવા KP પુરસ્કર્તા દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ જે પ્રતિરોધ, મૂલ્યાંકન, નિદાન અથવા તબીબી સ્થિતિની સારવાર માટે આવશ્યક હોય અને દર્દી અથવા તબીબી સંભાળ પુરસ્કર્તાની સુવિધા માટે મુખ્ય ન હોય.

**5.1.1.2 પ્રિસ્ક્રીપ્શન અને ફાર્મસી પુરવઠો.** KFHP/H આઉટપેશન્ટ ફાર્મસી ખાતે રજુ કરવામાં આવેલ અને KP પુરસ્કર્તા, નોન-KP ઇમરજન્સી ડિપાર્ટમેન્ટ પુરસ્કર્તા, નોન-KP અરજન્ટ કેર પુરસ્કર્તા, અને KP કરારબદ્ધ પુરસ્કર્તા દ્વારા લખી આપવામાં આવેલ પ્રિસ્ક્રીપ્શન્સ.

**5.1.1.2.1 જેનરીક દવાઓ.** શક્ય હોય ત્યાં સુધી જેનરીક દવાઓના ઉપયોગની પસંદગી.

**5.1.1.2.2 બ્રાંડ દવાઓ.** KP પ્રદાતા કે જે નોંધે છે કે, "લખ્યાં મુજબની દવા આપવી" ("Dispense as Written", DAW), અથવા

*Proprietary Information. Kaiser Permanente. All rights reserved.*

તેના જેવી સામાન્ય દવા ઉપલબ્ધ નથી, એવું નોંધ કરનારા KP પ્રદાતા દ્વારા સૂચવવામાં આવેલ બ્રાંડ નામવાળી દવાઓ.

**5.1.1.2.3 પ્રીસ્ક્રિપ્શન વિના ખરીદેલી દવાઓ અથવા ફાર્મસી પૂરવઠા.** કોઈ પ્રીસ્ક્રિપ્શનવાળી અથવા KP પ્રદાતા દ્વારા લેખિત ઓર્ડરવાળી અને KP આઉટપેશન્ટ ફાર્મસી દ્વારા વિતરિત કરવામાં આવેલ.

**5.1.1.2.4 Medicare લાભ મેળવનારાં.** ફાર્મસી વેઇવરના સ્વરૂપમાં Medicare પાર્ટ D હેઠળ સમાવિષ્ટ પ્રિસ્ક્રીપ્શન દવાઓ માટે મેડિકેર લાભ મેળવનારાંને લાગુ.

**5.1.1.3 ડ્યુરેબલ મેડિકલ ઇક્વીપમેન્ટ (Durable Medical Equipment, DME).** DME માર્ગદર્શનો અનુસાર KFHP/H DME ડિપાર્ટમેન્ટ મારફતે KP પ્રદાતા દ્વારા ઓર્ડર આપવામાં આવેલ હોય અને તબીબી જરૂરિયાત માપદંડ પૂર્ણ કરતા હોય તે દર્દીને KFHP/H દ્વારા આપવામાં આવેલ હોય.

**5.1.1.4 આરોગ્ય શિક્ષણ વર્ગો.** દર્દીની સારવારના ભાગ રૂપે કોઈ KP પ્રદાતા દ્વારા સૂચવવામાં આવેલ હોય તેવી KP દ્વારા નક્કી કરવામાં અને પ્રદાન કરવામાં આવેલ ઉપલબ્ધ વર્ગો સંબંધિત ફી.

**5.1.1.5 અતિરિક્ત પાત્ર સેવાઓ ઉપલબ્ધ છે.** MFA પોલીસી હેઠળ પાત્ર હોય તેવી વધારાની સેવાઓને જોડેલ પૂરવણી, *વિભાગ II, MFA પોલીસી હેઠળ વધારાની સેવાઓ પાત્ર છે અને પાત્ર નથી*, તરીકે ઓળખાવેલ છે.

**5.1.2 ગેર-લાયક સેવાઓ.** MFA આ મુજબ લાગુ ન પણ થાય:

**5.1.2.1 KP પુરસ્કર્તા દ્વારા નક્કી કરવામાં આવેલ ઇમરજન્ટ ગણવામાં ન આવે અથવા તબીબી રીતે આવશ્યક ન હોય તેવી સેવાઓ.** નિમ્ન લિખિત સહિત પણ આટલું જ મર્યાદિત નથી:

**5.1.2.1.1** મુખ્યત્વે દર્દીની હાજરી વધારવાના હેતુસરની ત્વચારોગ સંબંધિત સેવાઓ સહિત, કોસ્મેટિક સર્જરી અથવા સેવાઓ,

**5.1.2.1.2** વંધ્યતાની સારવારો,

*Proprietary Information. Kaiser Permanente. All rights reserved.*

**5.1.2.1.3** રીટેલ તબીબી પૂરવઠા,

**5.1.2.1.4** એક્યુપંક્ચર, સિરોપ્રેક્ટિક અને મસાજ સેવાઓ સહિતની, વૈકલ્પિક થેરેપીઓ,

**5.1.2.1.5** જાતીય નબળાઈની સારવાર માટેના ઇન્જેક્શન અને ઉપકરણો,

**5.1.2.1.6** સર્કરી સેવાઓ અને

**5.1.2.1.7** તૃતીય પક્ષની જવાબદારી, વ્યક્તિગત વીમા સુરક્ષા અથવા કામદારોના વળતરના કેસથી સંબંધિત સેવાઓ.

**5.1.2.2** **પ્રિસ્ક્રીપ્શન અને ફાર્મસી પુરવઠો.** પ્રીસ્ક્રિપ્શન અને પૂરવઠા સહિત, (1) ફાર્મસી અને ચિકિત્સક સમિતિ દ્વારા મંજૂરી કરવામાં આવી નથી તેવી દવાઓ, (2) KP પ્રદાતા દ્વારા સલાહ અથવા ઑર્ડર આપવામાં આવેલ ન હોય એવી વિના પ્રીસ્ક્રિપ્શને ખરીદેલ દવાઓ અથવા પૂરવઠા અને (3) વિશેષ રૂપે નિષેધ દવાઓ (દા.ત., પ્રજનન, કોસ્મેટિક, જાતીય સમસ્યાની સારવાર માટેની દવાઓ)ને આકસ્મિક અથવા તબીબી જરૂરિયાત ગણવામાં આવતા નથી, પણ આટલું જ મર્યાદિત નથી.

**5.1.2.3** **મેડિકેર પાર્ટ D નોંધાયેલ લાયક માટે પ્રિસ્ક્રીપ્શન્સ અથવા લો ઇનકમ સબસીડી (Low Income Subsidy, LIS) પ્રોગ્રામમાં નોંધાયેલ.** Centers for Medicare & Medicaid Services, CMS માર્ગદર્શનો સાથે સુસંગત, મેડિકેર પાર્ટ D નોંધાયેલ હોય જેઓ લાયક હોય અથવા LIS પ્રોગ્રામમાં નોંધાયેલ હોય તેવા માટે પ્રિસ્ક્રીપ્શન દવાઓ માટે બાકી રહેતા ખર્ચ વહેંચણી.

**5.1.2.4** **KP સુવિધાઓ બહાર પુરી પાડવામાં આવતી સેવાઓ.** KP સુવિધાઓ પર, KP પુરસ્કર્તાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ માટે જ MFA પોલીસી લાગુ થાય છે. KP પુરસ્કર્તા તરફથી ભલામણ હોય તો પણ, MFA માટે તમામ અન્ય સેવાઓ ગેરલાયક છે. નોન-KP મેડિકલ ઓફિસીસ, અરજન્ટ કેર ફેસીલીટીસ અને ઇમરજન્સી ડિપાર્ટમેન્ટ ખાતે

પૂરી પાડવામાં આવેલ સેવાઓ, સાથે હોમ હેલ્થ, હોસ્પાઇસ, રેક્યુપરેટિવર કે, અને કસ્ટોડિયલ કેર સર્વિસીસ બાકાત છે.

**5.1.2.5 હેલ્થ પ્લાન્સ પ્રિમિયમ્સ.** MFA પ્રોગ્રામ આરોગ્ય સંભાળના કવરેજ (દા.ત. દેવું અથવા પ્રિમીયમ) સાથે સંકળાયેલા ખર્ચની ચૂકવણી કરવામાં મદદ કરતું નથી

**5.1.2.6 વિશેષ ગેર-લાયક સેવાઓ.** MFA પોલીસી હેઠળ પાત્ર ન હોય તેવી વધારાની સેવાઓને જોડેલ પૂરવણી, *વિભાગ II, MFA પોલીસી હેઠળ વધારાની સેવાઓ પાત્ર છે અને પાત્ર નથી*, તરીકે ઓળખાવેલ છે.

**5.2 પુરસ્કર્તા.** MFA માત્ર તે તબીબી સારવાર પ્રદાતાઓ કે જેના પર જોડેલ પૂરવણી, *વિભાગ III, MFA પોલીસીને આધીન હોય તેવા અને તેને આધીન ન હોય એવા પ્રદાતાઓ* લેખમાં નોંધેલ મુજબ MFA લાગુ થાય છે તેના દ્વારા આપવામાં આવતી પાત્ર સેવાઓ પર જ લાગુ થાય છે.

**5.3 પ્રોગ્રામ માહિતી સ્ત્રોતો અને MFA માટે કેવી રીતે અરજી કરવી.** MFA પ્રોગ્રામ વિશેની વધારાની માહિતી અને કેવી રીતે અરજી કરવી તેનો સારાંશ જોડેલ પૂરવણી, *વિભાગ IV, પ્રોગ્રામની માહિતી અને MFA માટે અરજી કરવી, લેખમાં આપેલ છે.*

**5.3.1 પ્રોગ્રામ વિશેની માહિતીના સ્રોત.** MFA પોલીસીની નકલો, અરજી માટેના ફોર્મ, સૂચનાઓ અને સાદી ભાષામાં સારાંશો (દા.ત., પોલીસીના સારાંશો અથવા પ્રોગ્રામના બ્રોશર) લોકોને KFHP/H ની વેબસાઇટથી, ઇમેઇલ દ્વારા, વ્યક્તિગત રૂપે અથવા યુ.એસ. ટપાલ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

**5.3.2 MFA માટે અરજી કરવી.** વ્યક્તિગત રીતે, ટેલીફોન મારફતે, અથવા પેપર એપ્લીકેશન દ્વારા સહિત વિવિધ રીતે KFHP/H માંથી સારવાર મેળવ્યા બાદ અથવા દરમિયાન, MFA પ્રોગ્રામ માટે દર્દી અરજી કરી શકશે.

**5.3.2.1 પબ્લીક અને પ્રાઇવેટ પ્રોગ્રામ લાયકાત માટે દર્દીઓની તપાસ.** MFA પ્રોગ્રામ માટે અરજી કરવા માટે દર્દીઓને KFHP/H નાણાંકીય સલાહ પૂરી પાડે છે જેથી સ્વાસ્થ્ય સંભાળ ઉપયોગ જરૂરિયાતોમાં સહાય થઇ શકે તેવા સંભવિત પબ્લીક અને પ્રાઇવેટ હેલ્થ કવરેજ ઓળખી શકાય. પબ્લીક

*Proprietary Information. Kaiser Permanente. All rights reserved.*

અથવા પ્રાઇવેટ હેલ્થ કવરેજ પ્રોગ્રામ્સ માટે લાયક માનવામાં આવે તે દર્દીને આ પ્રોગ્રામ્સ માટે અરજી કરવાની રહેશે.

**5.4 MFA માટે અરજી કરવા માટે આવશ્યક માહિતી.** દર્દીની નાણાંકીય સ્થિતિની ખાતરી કરવા માટે સંપૂર્ણ વ્યક્તિગત, નાણાંકીય અને અન્ય માહિતીની આવશ્યકતા છે જેથી MFA પ્રોગ્રામ, અને પબ્લીક અને પ્રાઇવેટ હેલ્થ કવરેજ પ્રોગ્રામ્સ માટે લાયકાત નક્કી કરી શકાય. અધૂરી માહિતીના કારણે MFA નો ઇન્કાર કરવામાં આવી શકે છે. લેખિતમાં, વ્યક્તિગત રીતે, ફોન માહિતી પૂરી પાડવામાં આવી શકે છે.

**5.4.1 નાણાંકીય સ્થિતિની ખાતરી કરવી.** સહાય માટે અરજી કરે ત્યારે દરેક સમયે દર્દીની નાણાંકીય સ્થિતિની ખાતરી કરવામાં આવે છે. બાહ્ય માહિતી સ્ત્રોતોનો ઉપયોગ કરી જો દર્દીની નાણાંકીય સ્થિતિની ખાતરી થઇ શકે, તો તેણે અથવા તેણીએ નાણાંકીય દસ્તાવેજીકરણ પૂરું પાડવાની આવશ્યકતા ન પણ હોઇ શકે.

**5.4.2 નાણાંકીય અને અન્ય માહિતી પૂરી પાડવી.** જો બાહ્ય ડેટા સ્રોતોનો ઉપયોગ કરીને દર્દીની આર્થિત સ્થિતિ ચકાસી શકાય તેમ ન હોય, તો તેને અથવા તેણીને MFA પ્રોગ્રામ માટેની અરજીમાં વર્ણવેલ માહિતી સબમિટ કરીને તેની આર્થિક સ્થિતિની ચકાસણી કરવાનું કહેવામાં આવી શકે છે.

**5.4.2.1 સંપૂર્ણ માહિતી.** માંગવામાં આવેલ તમામ વ્યક્તિગત, નાણાંકીય, અને અન્ય માહિતી એક વખત પ્રાપ્ત થઇ જાય ત્યારબાદ MFA પ્રોગ્રામ લાયકાત નક્કી કરવામાં આવે છે.

**5.4.2.2 અપૂર્ણ માહિતી.** માંગવામાં આવેલ માહિતી જો અધુરી પ્રાપ્ત થયેલ હોય તો વ્યક્તિગત રીતે, મેઇલ દ્વારા, અથવા ટેલીફોન દ્વારા દર્દીને જાણ કરવામાં આવશે. નોટિસ મોકલવામાં આવી હોય, વ્યક્તિગત રીતે વાતચીત થઇ હોય, અથવા ટેલીફોન વાતચીત થઇ હોય ત્યારથી 30 દિવસમાં દર્દી અધુરી માહિતી પૂરી પાડી શકશે.

**5.4.2.3 માંગવામાં આવેલ માહિતી ઉપલબ્ધ ન હોય.** પ્રોગ્રામ એપ્લીકેશનમાં માંગવામાં આવેલ માહિતી જો દર્દી ધરાવતા ન હોય તો તેઓ KFHP/H નો સંપર્ક કરી શકશે જેથી લાયકાત દર્શાવી શકે તેવા અન્ય ઉપલબ્ધ પુરાવા વિશે ચર્ચા કરી શકાય.

*Proprietary Information. Kaiser Permanente. All rights reserved.*

**5.4.2.4 કોઇ નાણાંકીય માહિતી ઉપલબ્ધ ન હોય.** દર્દીએ પ્રાથમિક નાણાંકીય માહિતી પૂરી પાડવાની રહેશે (જેમ કે, આવક, જો હોય, અને સ્રોત) અને તેની માન્યતાની ખાતરી આપવાની રહેશે જ્યારે (1) બાહ્ય સ્રોતોનો ઉપયોગ કરી તેની અથવા તેણીની નાણાંકીય સ્થિતિની ખાતરી થઇ શકે નહીં, (2) માંગવામાં આવેલ માહિતી ઉપલબ્ધ ન હોય અને (3) લાયકાત દર્શાવી શકે તેવા અન્ય કોઇ પુરાવા હયાત ન હોય. દર્દી પાસેથી પ્રાથમિક નાણાંકીય માહિતી અને ખાતરીની આવશ્યકતા છે જ્યારે તે અથવા તેણી:

**5.4.2.4.1** બેઘર હોય, અથવા

**5.4.2.4.2** કોઇ આવક ધરાવતા ન હોય, તેના અથવા તેણીના નોકરીદાતા પાસેથી કોઇ ઔપચારીક આવક મેળવતા ન હોય (સ્વ-રોજગાર ધરાવતા હોય તેને બાદ કરતા), નાણાંકીય ભેટો મેળવતા હોય, અથવા ગયા વર્ષે ફેડરલ અથવા સ્ટેટ ઇન્કમ ટેક્સ રીટર્ન ફાઇલ કરવાની આવશ્યકતા ન હોય, અથવા

**5.4.2.4.3** કોઈ જાણીતી રાષ્ટ્રીય અથવા ક્ષેત્રીય ઘટનાથી અસરગ્રસ્ત થયા હોય (નીચે વિભાગ 5.11 નો સંદર્ભ લો).

**5.4.3 પૂર્વલાયક દર્દીઓ.** પ્રોગ્રામ લાયકાત માપદંડ દર્દી પૂર્ણ કરતા હોય તેવું માનવામાં આવે છે અને વ્યક્તિગત, નાણાંકીય અને અન્ય માહિતી પૂરી પાડવાની આવશ્યકતા નથી જેથી નાણાંકીય સ્થિતિની ખાતરી કરી શકાય જ્યારે તે અથવા તેણી:

**5.4.3.1** કોમ્યુનિટી MFA (Community MFA, CMFA) પ્રોગ્રામમાં નોંધાયેલ હોય જેમાં દર્દીને મોકલવામાં આવ્યાં હોય અને આ રીતે પૂર્વલાયક થયા હોય (1) ફેડરલ, સ્ટેટ અથવા લોકલ ગવર્મેન્ટ, (2) સાથીદાર કોમ્યુનિટી-સ્થિત સંસ્થા, અથવા (3) KFHP/H પ્રાયોજિત કોમ્યુનિટી હેલ્થ કાર્યક્રમ ખાતે, અથવા

*Proprietary Information. Kaiser Permanente. All rights reserved.*

**5.4.3.2** લો-ઇન્કમ ધરાવતા દર્દીઓ માટે સંભાળનો સહાય ઉપયોગ કરવા માટે તૈયાર કરવામાં આવેલ KP કોમ્યુનિટી બેનિફિટ પ્રોગ્રામમાં નોંધાયેલ હોય અથવા નિયુક્ત KFHP/H વ્યક્તિ દ્વારા પૂર્વલાયક થયેલ હોય, અથવા

**5.4.3.3** માન્ય નબળું-પરીક્ષણ સ્વાસ્થ્ય કવરેજ પ્રોગ્રામ (જેમ કે, Medicare લો ઇન્કમ સબસીડી પ્રોગ્રામ) માં નોંધાયેલ હોય, અથવા

**5.4.3.4** છેલ્લાં 30 દિવસમાં MFA ફાળવણી પહેલાં મંજૂર થયા હોય.

**5.4.4** **દર્દી સહકાર.** તમામ વિનંતી કરવામાં આવેલ માહિતી પૂરી પાડવા માટે દર્દીએ વાજબી પ્રયાસ કરવાની આવશ્યકતા છે. જો વિનંતી કરવામાં આવેલ તમામ માહિતી પૂરી પાડવામાં ન આવે, ત્યારે પરિસ્થિતિઓ ધ્યાને લેવામાં આવે છે અને લાયકાત નક્કી કરતી વખતે વિચારણા કરવામાં આવી શકે છે.

**5.5** **સંભવિત લાયકાત નિર્ધારણ.** અરજી કરેલ ન હોય તેવા દર્દી MFA પ્રોગ્રામ માટે લાયક ઠરી શકે છે જો બાહ્ય માહિતી સ્ત્રોતોના ઉપયોગ મારફતે તેની અથવા તેણીની નાણાંકીય સ્થિતિ માન્ય થઇ શકે. જો લાયક તરીકે નક્કી કરવામાં આવે, તો તે અથવા તેણી સ્વયં MFA ફાળવણી માટે લાયક થઇ જશે અને તબીબી નાણાંકીય સહાયનો અસ્વીકાર કરવાના વિકલ્પ સાથે જાણકારી પત્ર મોકલવામાં આવશે. અરજી વિના દર્દીને ઓળખલ શકાય છે જ્યારે તે અથવા તેણી:

**5.5.1** વીમો ધરાવતા ન હોય અને (1) KP ફેસીલીટી ખાતે લાયક સેવાઓ માટે મુલાકાત નક્કી થયેલ હોય (2) તે અથવા તેણી સ્વાસ્થ્ય કવરેજ ધરાવે છે તે દર્શાવેલ ન હોય, અને (3) Medicaid માટે સંભવિત લાયક ન હોય.

**5.5.2** KP ની શાખા પર સારવાર પ્રાપ્ત થઈ હોય અને આર્થિક મુશ્કેલીની સૂચનાઓ હોય (દા.ત., ખરાબ ઋણ જણાવતા પહેલાંનું આપવાનું કોઈ બાકી રકમ હોય).

**5.6** **પ્રોગ્રામ લાયકાત માપદંડ.** જોડેલ પૂરવણી, *વિભાગ V, પાત્રતાનું માપદંડ*, લેખમાં આપેલ સારાંશ મુજબ, MFA માટે અરજી કરનાર દર્દીના આજીવિકાના સાધનનો અથવા ઉચ્ચ તબીબી ખર્ચ માપદંડના આધારે આર્થિક સહાયતા માટે પાત્ર હોઇ શકે છે.

**5.6.1** **નબળું-પરીક્ષણ માપદંડ.** દર્દી નબળા-પરીક્ષણ લાયકાત માપદંડ પૂર્ણ કરે તો નિર્ણય કરવા માટે તેનું અથવા તેણીનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

**5.6.1.1** **આવકના સ્તર અનુસાર પાત્રતા.** ફેડરલ પોવર્ટી ગાઇડલાઇન્સ (Federal Poverty Guidelines, FPG) ની ટકાવારી તરીકે KFHP/H ના નબળાં

*Proprietary Information. Kaiser Permanente. All rights reserved.*

પરીક્ષણ માપદંડ માટે દર્દી ઓછી અથવા સમાન ઘરેલુ આવક ધરાવતા દર્દી નાણાંકીય સહાય માટે લાયક છે.

**5.6.1.2 ઘરેલુ આવક.** ઘરના પરીવાર સભ્યો માટે લાગુ આવક જરૂરિયાતો. જન્મ, લગ્ન, અથવા દત્તક જેઓ સાથે રહેતા હોય તે સંલગ્ન એક અથવા વધુ લોકોનું સમૂહ એ પરીવાર છે. સાથીદારો, માન્ય ઘરેલુ સાથીદારો, બાળકો, પાલક સગાં, અને ઘરમાં સાથે રહેતા પાલક સગાંના બાળકોનો પરીવાર સભ્યોમાં સમાવેશ થઇ શકે છે.

**5.6.2 ઉંચા તબીબી ખર્ચ માપદંડ.** દર્દી ઉંચા તબીબી ખર્ચ માપદંડ પૂર્ણ કરે તો નિર્ણય કરવા માટે તેનું અથવા તેણીનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

**5.6.2.1 ઉંચા તબીબી ખર્ચાં આધારીત લાયકાત.** વાર્ષિક ઘરેલુ આવકના 10% કરતા વધુ અથવા તેની સમકક્ષ 12 મહિનાના સમયગાળા દરમિયાન પાત્ર સેવાઓ માટે ખિસ્સા બહારના તબીબી અને દવાઓના ખર્ચ સાથેના કોઈપણ ઘરેલું આવક સ્તરનો દર્દી નાણાકીય સહાય માટે લાયક છે.

**5.6.2.1.1 KFHP/H વિશેષ ખર્ચાં.** KP ફેસેલીટી ખાતે થયેલ કોપેમેન્ટ, ડિપોઝીટ, કોઇન્સ્યુરન્સ, અને લાયક સેવાઓ માટે સંલગ્ન કપાતો સહિત થયેલ તબીબી અને દવા ખર્ચ.

**5.6.2.1.2 નોન-KFHP/H વિશેષ ખર્ચાં.** નોન-KP ફેસેલીટી ખાતે પૂરાં પાડવામાં આવેલ તબીબી, દવા અને ડેન્ટલ ખર્ચાં ,જે લાયક સેવા સંલગ્ન હોય, અને દર્દી (કોઇ ડિસ્કાઉન્ટ્સ અથવા જતા કરેલ હોય તે બાદ કરતા) દ્વારા કરવામાં આવેલ હોય તેનો સમાવેશ થાય છે. નોન-KP ફેસેલીટીસમાંથી સેવા પ્રાપ્ત કરી તેન માટે તબીબી ખર્ચાંનું દસ્તાવેજીકરણ દર્દીએ પૂરું પાડવાનું રહેશે.

**5.6.2.1.3 હેલ્થ પ્લાન્સ પ્રિમિયમ્સ.** દર્દીએ પોતે કરેલા ખર્ચાંને આરોગ્ય સારવારના કવરેજથી સંબંધિત ખર્ચમાં જોડવામાં

*Proprietary Information. Kaiser Permanente. All rights reserved.*

આવતા નથી (દા.ત., ચૂકવવાને પાત્ર રખમ અથવા પ્રીમિયમ).

**5.7 અસ્વીકૃતિઓ અને અરજીઓ**

**5.7.1 અસ્વીકૃતિઓ.** MFA કાર્યક્રમ માટે દર્દી અરજી કરતા હોય અને લેખિત અથવા મૌખિક જાણ કરવામાં આવેલ લાયકાત માપદંડ પૂર્ણ કરતા ન હોય તો MFA માટેની તેની અથવા તેણીની વિનંતી અસ્વીકૃત થાય છે.

**5.7.2 MFA અસ્વીકૃતિને કેવી રીતે અપીલ કરવી.** કોઇ દર્દીને એમ જણાતુ હોય કે તેની અથવા તેણીની અરજી અથવા માહિતી યોગ્ય રીતે ધ્યાને લેવામાં આવી નથી તો તેઓ નિર્ણય સામે અપીલ કરી શકશે. અપીલ પ્રક્રિયા પૂર્ણ કરવાની સૂચનાઓનો MFA અસ્વીકૃતિ પત્રમાં સમાવેશ થાય છે. નિયુક્ત KFHP/H સ્ટાફ દ્વારા અપીલોની સમીક્ષા કરવામાં આવે છે.

**5.8 ફાળવણી માળખું.** જૂની ચડત અથવા બાકી રકમો પર જ MFA ફાળવણીઓ લાગુ થાય છે. MFA પુરસ્કાર માટે પાત્રતાની મુદત માત્ર મર્યાદિત સમય માટે અને અલગ-અલગ હોઇ શકે છે.

**5.8.1 ફાળવણીનો આધાર.** MFA પ્રોગ્રામ દ્વારા ચૂકવવામાં આવતા ખર્ચા દર્દી આરોગ્ય સારવાર માટે કવરેજ ધરાવે છે કે નહીં તે અને દર્દીની ઘરેલુ આવકના આધારે નક્કી કરવામાં આવે છે.

**5.8.1.1 સ્વાસ્થ્ય સંભાળ કવરેજ (વીમારહિત) વિના MFA લાયક દર્દી.** એક લાયક વીમારહિત દર્દી તમામ લાયક સેવાઓ પર વળતર મેળવે છે.

**5.8.1.2 સ્વાસ્થ્ય સંભાળ કવરેજ (વીમાસહિત) સાથે MFA લાયક દર્દી.** તમામ લાયક સેવાઓ (1) જેના માટે તે અથવા તેણી અંગત રીતે જવાબદાર હોય અને (2) તેના અથવા તેણીના વીમા કેરીયર દ્વારા ચૂકવણી થઇ ન હોય તેવી તમામ લાયક સેવાઓના ભાગ પર વળતર તમામ લાયક વીમો ધરાવતા દર્દી મેળવે છે. દર્દીએ દસ્તાવેજીકરણ પૂરું પાડવાનું રહેશે, જેમ કે એક્સ્પ્લેનેશન ઓફ બેનિફિટ્સ (Explanation of Benefits, EOB), જેથી વીમા દ્વારા સમાવિષ્ટ ન હોય તે બીલના ભાગો નક્કી કરી શકાય.

*Proprietary Information. Kaiser Permanente. All rights reserved.*

5.8.1.2.1 **ઇન્સ્યોરન્સ કેરીયર પાસેથી પ્રાપ્ત ચૂકવણીઓ.** દર્દી તેના અથવા તેણીના ઇન્સ્યુરન્સ કેરીયર પાસેથી KFHP/H દ્વારા પૂરી પાડવામાં આવેલ સેવાઓ માટે કોઇ ચૂકવણી માટે લાયક દર્દીએ KFHP/H ને સહી કરી આપવાની રહેશે.

5.8.1.3 **છૂટ સમયપત્રક.** નીતિ હેઠળ ઉપલબ્ધ છૂટ વિશે વધારાની માહિતીનો સારાંશ જોડાયેલ એડડેન્ડમ, વિભાગ VI, છૂટ સમયપત્રકમાં આપેલ છે.

5.8.1.4 **સમજૂતિમાંથી પાસેથી વળતરો.** ત્રાહિત પક્ષ જવાબદારી / વ્યક્તિગત વીમા સુરક્ષા સમજૂતિઓ, ચૂકવણીકર્તાઓ, અથવા અન્ય કાનૂની જવાબદાર પક્ષો પાસેથી KFHP/H વળતર નક્કી કરે છે, નિયમ અનુસાર.

5.8.2 **પુરસ્કાર પાત્રતાની મુદત.** MFA પુરસ્કારોની પાત્રતા મુદત મંજૂરીની તારીખ અથવા સેવાઓ પૂરી પાડવામાં આવી હતી તે તારીખથી અથવા દવા આપવામાં આવી હતી તે તારીખથી શરૂ થાય છે. જોડેલ પૂરવણી, *વિભાગ VII, પુરસ્કાર પાત્રતાની મુદત,* લેખમાં આપેલ સારાંશ મુજબ, પાત્ર દર્દી માટે MFA માટે પાત્રતાની મુદત અલગ-અલગ રીતે નક્કી કરવામાં આવે છે, જેમાં નિમ્નલિખિતનો સમાવેશ છે:

5.8.2.1 **ચોક્કસ સમયગાળો.**

5.8.2.2 **સારવારનો સમયગાળો અથવા સંભાળની ઘટના.** KP પુરસ્કર્તા દ્વારા નક્કી થયેલ સારવારના ચોક્કસ સમયગાળા અને/અથવા સંભાળની ઘટના માટે.

5.8.2.3 **પબ્લીક અને પ્રાઇવેટ હેલ્થ કવરેજ પ્રોગ્રામ્સ માટે સંભવિત રીતે લાયક દર્દીઓ.** દર્દી જ્યારે પબ્લીક અને પ્રાઇવેટ હેલ્થ કવરેજ પ્રોગ્રામ્સ માટે અરજી કરે ત્યારે તેને અથવા તેણીને સહાય કરવા માટે વચગાળાની MFA ફાળવણી મંજુર થઇ શકે છે.

5.8.2.4 **વન-ટાઇમ ફાર્મસી ફાળવણી.** MFA પ્રોગ્રામમાં અરજી કરતા પહેલાં, વન-ટાઇમ ફાર્મસી ફાળવણી માટે દર્દી લાયક જે જો તે અથવા તેણી (1) MFA ફાળવણી ધરાવતા ન હોય, (2) KFHP/H ફાર્મસી પર KP પુરસ્કર્તા દ્વારા

*Proprietary Information. Kaiser Permanente. All rights reserved.*

લેખિત પ્રિસ્ક્રીપ્શન ભરે (3) પ્રિસ્ક્રીપ્શનની ચૂકવણી કરવામાં અશક્યતા દર્શાવે. KP પુરસ્કર્તા દ્વારા તબીબી રીતે યોગ્ય નક્કી કર્યા મુજબ વન-ટાઇમ ફાળવણી દવાના વાજબી પુરવઠાનો સમાવેશ કરે છે.

**5.8.2.5 ફાળવણી વિસ્તરણ માટે અરજી.** MFA લાયકાત આવશ્યકતાઓ પૂર્ણ કરવાનું દર્દી ચાલુ રાખે ત્યાં સુધી તે અથવા તેણી MFA ફાળવણીનું વિસ્તરણ કરવાની તે અરજી કરી શકે છે. કેસ-પ્રતિ-કેસ આધારે વિસ્તરણ વિનંતીઓ પર મૂલ્યાંકન કરવામાં આવે છે.

**5.8.3 ફાળવણી રદબાતલ, પાછી ખેંચવી, અથવા સુધારો કરવો.** ચોક્કસ સંજોગોમાં, તેની વિવેકબુદ્ધિ મુજબ KFHP/H MFA ફાળવણી રદબાતલ, પાછી ખેંચી અને સુધારો કરી શકે છે. પરિસ્થિતિઓમાં આ મુજબ સમાવેશ થાય છે:

**5.8.3.1 છેતરપિંડી, ચોરી, અથવા નાણાંકીય ફેરફારો.** છેતરપિંડી, ખોટું અર્થઘટન, ચોરી, દર્દીની નાણાંકીય સ્થિતિમાં ફેરફારોના કિસ્સામાં, અથવા અન્ય પરિસ્થિતિઓ જેમાં MFA પ્રોગ્રામની સુદ્રઢતાનો ભંગ થતો હોય.

**5.8.3.2 પબ્લીક અને પ્રાઇવેટ હેલ્થ કવરેજ પ્રોગ્રામ્સ માટે લાયક.** પબ્લીક અને પ્રાઇવેટ હેલ્થ કવરેજ પ્રોગ્રામ્સ માટે પરીક્ષણ થયેલ દર્દીને લાયક થવા માટે માનવામાં આવે છે પરંતુ તે પ્રોગ્રામ્સ માટે અરજી પ્રક્રિયા સાથે તેઓ સહકાર આપતા નથી.

**5.8.3.3 અન્ય ચૂકવણી સ્ત્રોતોની ઓળખ.** MFA ફાળવણી દર્દી મેળવે ત્યારબાદ હેલ્થ કવરેજ અથવા અન્ય ચૂકવણી સ્ત્રોતોની ઓળખ થાય તો જૂની સ્થિતિ મુજબ લાયક સેવાઓના ખર્ચા ફરી બિલ કરવામાં આવશે. જો આમ થાય, તો દર્દીને બિલના તે ભાગ માટે બિલ આપવામાં આવતું નથી કે (1) જેના માટે તે અથવા તેણી વ્યક્તિગત રૂપે જવાબદાર હોય અને (2) જે તેના આરોગ્ય કવરેજ કે અન્ય ચૂકવણી સ્રોત દ્વારા ચૂકવવામાં આવતું ન હોય.

**5.8.3.4 આરોગ્ય કવરેજમાં ફેરફાર.** જો કોઈ દર્દીને આરોગ્યની સારવારના કરવરેજમાં કોઈ ફેરફારો જણાય, તો તેને MFA પ્રોગ્રામ માટે ફરી અરજી કરવાનું કહેવામાં આવી શકે છે.

*Proprietary Information. Kaiser Permanente. All rights reserved.*

**5.9** **ખર્ચની સીમા.** Kaiser Foundation Hospitals ખાતે પ્રસ્તુત કરેલ પાત્ર હોસ્પિટલ ખર્ચા માટે, MFA પાત્ર હોય તેવા દર્દીઓ પાસેથી સંપૂર્ણ ડોલર રકમ લેવી (દા.ત., કુલ ખર્ચા) નિષિદ્ધ છે. Kaiser Foundation Hospitals ખાતે પાત્ર હોપ્સિટલ સેવાઓ મેળવી હોય અને MFA પ્રોગ્રામ માટે પાત્ર હોય, પણ MFA પુરસ્કાર પ્રાપ્ત થયેલ ન હોય અથવા MFA પુરસ્કારનો ઇન્કાર કર્યો હોય, તો તે દર્દી પાસેથી તે સેવાઓ માટે સામાન્ય રીતે લેવામાં આવે છે તે બિલ (amounts generally billed, AGB) કરતાં વધુ ખર્ચ લેવામાં આવતો નથી.

**5.9.1** **સામાન્ય રીતે બિલ કરેલ રકમો.** આવી સારવારને કવર કરતો હોય તેવો વીમો ધરાવતી વ્યક્તિને આકસ્મિક કે તબીબી રૂપે કોઈ અન્ય જરૂરી સારવાર માટે સામાન્ય રીતે લેવામાં આવતા બિલ જોડેલ પૂરવણી, *વિભાગ VIII*, સામાન્ય રીતે આપવામાં આવતા બિલની રકમ *(AGB)*ની ગણતરી કરવાની ભૂમિકા, લેખમાં વર્ણવેલ મુજબ KP સુવિધાઓ દ્વારા નક્કી કરવામાં આવે છે.

**5.10** **સમુહ પગલાં.**

**5.10.1** **વાજબી જાણકારી પ્રયાસો.** MFA પ્રોગ્રામ વિશે જૂની ચડત અથવા બાકી રકમ માટે દર્દીને જાણ કરવા માટે KFHP/H અથવા તેના વતી કાર્ય કરતી કલેક્શન એજન્સી વાજબી પ્રયાસો કરે છે. વાજબી જાણકારી પ્રયાસો આ મુજબ છે:

**5.10.1.1** લાયક હોય તેના માટે MFA ઉપલબ્ધ હોય તે ખાતા ધારકને જાણ કરતું પ્રથમ મુક્તિ-બાદનું નિવેદન 120 દિવસમાં એક લેખિત નોટિસ આપવામાં આવે છે.

**5.10.1.2** એક્સ્ટ્રા ઓર્ડિનરી કલેક્શન એક્શન્સ (extraordinary collection actions, ECAs) ની સૂચિ સાથે લેખિત નોટિસ પૂરી પાડવી જે KFHP/H અથવા કલેકશન એજન્સી સિલકની ચૂકવણી કરવાનો હેતુ રાખે છે, અને આ પગલાં માટેની સમયમર્યાદા, લેખિત નોટિસથી 30 દિવસ કરતાં વહેલા હોતા નથી.

**5.10.1.3** પ્રથમ હોસ્પીટલ દર્દી નિવેદન સાથે MFA પોલીસીનો સરળ ભાષામાં સાર પૂરો પાડવો.

*Proprietary Information. Kaiser Permanente. All rights reserved.*

**5.10.1.4** MFA પોલીસી અને MFA એપ્લીકેશન પ્રક્રિયા મારફતે સહાય કેવી રીતે મેળવવી તેના વિશે ખાતાધારકને શાબ્દિક રીતે જાણ કરવાનો પ્રયાસ કરવો.

**5.10.2 રદ થયેલ એક્સ્ટ્રાઓર્ડિનરી કલેકશન એકશન્સ.** દર્દી સામે એક્સ્ટ્રા ઓર્ડિનરી કલેક્શન એક્શન્સ (ECA) માટે પોતાના વતી સંચાલન માટે KFHP/H કલેક્શન એજન્સીને કાર્યવાહી માટે અનુમતિ આપતું નથી જો તે અથવા તેણી:

**5.10.2.1** સક્રિય MFA ફાળવણી ધરાવતા હોય, અથવા

**5.10.2.2** ECAs શરૂ થયા બાદ MFA અરજી કરી હોય. અંતિમ લાયકાત નિર્ણય કરવામાં ન આવે ત્યાં સુધી ECA રદ થાય છે.

**5.10.3 માન્ય એક્સ્ટ્રા ઓર્ડિનરી કલેક્શન એક્શન્સ.**

**5.10.3.1 વાજબી પ્રયાસોનો અંતિમ નિર્ણય.** કોઇ ECAs લાગુ કરતા પહેલાં, ક્ષેત્રીય રેવન્યુ સાયકલ પેશન્ટ ફાયનાન્સીયલ સર્વિસીસ લીડર નીચેની બાબતોની ખાતરી કરે છે:

**5.10.3.1.1** MFA પ્રોગ્રામના દર્દીને જાણ કરવા માટે વાજબી પ્રયાસોની સમાપ્તિ, અને

**5.10.3.1.2** MFA માટે અરજી કરવા માટે પ્રથમ બિલીંગ સ્ટેટમેન્ટથી ઓછાંમાં ઓછા 240 દિવસો દર્દીને પૂરાં પાડવામાં આવ્યાં છે.

**5.10.3.2 કન્ઝ્યુમર ક્રેડિટ એજન્સીઝ અથવા ક્રેડિટ બ્યુરોસને જાણ કરવી.** KFHP/H અથવા તેના વતી કાર્ય કરતી કલેકશન એજન્સી કન્ઝ્યુમર ક્રેડિટ રીપોર્ટીંગ એજન્સીઝ અથવા ક્રેડિટ બ્યુરોને વિપરીત માહિતી આપી શકે છે.

**5.10.3.3 કાનૂની અથવા સિવીલ પગલાં.** કોઈપણ અદાલતી કે કાનૂની કાર્યવાહીઓ કરતા પહેલાં, KFHP/H દર્દી MFA પ્રોગ્રામ માટે પાત્ર છે કે નહીં તે નક્કી કરવા માટેના બાહ્ય ડેટા સ્રોતનો ઉપયોગ કરીને તેની અને તેણીની આર્થિક સ્થિતિની ખરાઈ કરશે.

**5.10.3.3.1** **MFA માટે લાયક.** MFA પ્રોગ્રામ માટે લાયક હોય તે દર્દીઓ માટે કોઇ વિશેષ પગલાં લેવામાં આવતા નથી.

*Proprietary Information. Kaiser Permanente. All rights reserved.*

MFA માટે લાયક થયેલ ખાતાં રદ્દ થયાં છે અને જૂનાં આધારે પરત કરવામાં આવે છે.

**5.10.3.3.2** **MFA માટે ગેરલાયક.** ખૂબ મર્યાદિત કિસ્સાઓમાં, ક્ષેત્રીય ચીફ ફાયનાન્સીયલ ઓફિસર અથવા કન્ટ્રોલર પાસેથી પહેલાં માન્યતા સાથે નીચેના પગલાં લેવામાં આવી શકે છે:

**5.10.3.3.2.1** દેવાદારને મજૂરી નહીં આપવાનો હુકમ

**5.10.3.3.2.2** કાનૂની/ સિવીલ પગલાં. બેરોજગાર હોય અને અન્ય કોઇ કહી શકાય તેવી આવક ધરાવતા ન હોય તેવી વ્યક્તિ સામે કાનૂની પગલાં લેવામાં આવતા નથી.

**5.10.3.3.2.3** નિવાસો પર ભોગવટો રાખવો.

**5.10.4** **પ્રતિબંધિત એક્સ્ટ્રા ઓર્ડિનરી કલેક્શન એક્શન્સ.** કોઇપણ સંજોગોમાં નીચે મુજબની કાર્યવાહી કરવા માટે કલેક્શન એજન્સીને KFHP/H અનુમતિ આપતી નથી, અથવા સ્વયં કરતી નથી:

**5.10.4.1** ઇમરજન્સી અથવા તબીબી આવશ્યક સંભાળ પૂરી પાડતા પહેલાં ખાતા ધારકની જૂની બાકીના લેણાના કારણે અસ્વીકાર કરવો અથવા ચૂકવણીની માંગણી કરવી.

**5.10.4.2** ખાતાધારકની ઉધારીનું ત્રાહિત પક્ષને વેચાણ કરવું.

**5.10.4.3** મિલ્કતનો કબ્જો લેવો અથવા ખાતા સ્થગિત કરવાં.

**5.10.4.4** ધરપકડ માટે વોરંટની માંગ કરવી.

**5.10.4.5** શરીરનો કબજો જાળવી રાખવા માટે રીટ્સની માંગ કરવી.

**5.11** **આપત્તિ પ્રતિભાવ.** KFHP/H એ રાજ્ય અથવા ફેડરલ સરકાર દ્વારા આપત્તિ તરીકે યોગ્યતા પ્રાપ્ત થયેલી જાણીતી ઘટનાથી પ્રભાવિત થયેલા સમુદાયો અને દર્દીઓને ઉપલબ્ધ સહાયને વધારવા માટે તેના MFA પ્રોગ્રામ માટેના પાત્રતા માપદંડ અને અરજી પ્રક્રિયાઓને અસ્થાયી રૂપે સંશોધિત કરી શકે છે.

*Proprietary Information. Kaiser Permanente. All rights reserved.*

**5.11.1 સંભવિત પાત્રતામાં ફેરફાર.** MFA પાત્રતાના માપદંડમાં અસ્થાયી ફેરફારોમાં આનો સમાવેશ થઇ શકે છે:

**5.11.1.1** પાત્રતા પ્રતિબંધો સ્થગિત કરવા

**5.11.1.2** માધ્યમ પરીક્ષણ માપદંડની પ્રવેશમર્યાદા વધારવી

**5.11.1.3** ઉચ્ચ તબીબી ખર્ચ માપદંડ પ્રવેશમર્યાદા ઘટાડવી.

**5.11.2 સંભવિત અરજી પ્રક્રિયામાં ફેરફારો.** MFA અરજી પ્રક્રિયામાં અસ્થાયી ફેરફારોમાં નીચેનાનો સમાવેશ થઇ શકે છે:

**5.11.2.1** દર્દીઓને મૂળભૂત નાણાકીય માહિતી (દા.ત. આવક, જો કોઈ હોય, અને સ્રોત) પૂરું પાડવાની અને તેની પાત્રતા પ્રમાણિત કરવાની મંજૂરી આપે છે જ્યારે (1) બાહ્ય ડેટા સ્રોતોનો ઉપયોગ કરીને તેની અથવા તેણીની નાણાકીય સ્થિતિ ચકાસી શકાતી નથી, (2) ઘટનાને કારણે વિનંતી કરેલ નાણાંકીય માહિતી ઉપલબ્ધ નથી, અને (3) કોઈ અન્ય પુરાવા અસ્તિત્વમાં નથી જે પાત્રતા દર્શાવી શકે.

**5.11.2.2** ઘરેલુ આવક નક્કી કરતી વખતે ઘટનાને લીધે વેતન / રોજગારીના ભાવિ નુકસાનની અસરને ધ્યાનમાં લેવી.

**5.11.3 જાહેર જનતા માટે ઉપલબ્ધ માહિતી.** કામચલાઉ MFA પ્રોગ્રામ ફેરફારોની વર્ણન કરતી માહિતી MFA પ્રોગ્રામ વેબ પેજ પર અને અસરગ્રસ્ત વિસ્તારોમાં KP સુવિધાઓ પર જાહેર જનતા માટે ઉપલબ્ધ કરવામાં આવી છે.

**6.0 સંદર્ભો / સુધારા**

**6.1** પુરવણી A – પારિભાષિક શબ્દકોશ

**6.2** કાનૂન, નિયમો, અને સ્રોતો

**6.2.1** દર્દીનું રક્ષણ અને વાજબી સારવાર અધિનિયમ (Patient Protection and Affordable Care Act), લોકો કાયદો 111-148 (124 સ્ટેટ. 119 (2010))

**6.2.2** Federal Register and the Annual Federal Poverty Guidelines (ફેડરલ રજીસ્ટર એન્ડ એન્યુઅલ ફેડરલ પોવર્ટી ગાઇડલાઇન્સ)

**6.2.3** Internal Revenue Service Publication (ઇન્ટર્નલ રેવન્યુ સર્વિસ પબ્લીકેશન), 2014 ઇન્સ્ટ્રકશન ફોર શેડ્યુલ H (ફોર્મ 990)

**6.2.4** ઇન્ટર્નલ રેવન્યુ સર્વિસ નોટિસ 2010-39(Internal Revenue Service Notice 2010-39)

**6.2.5** ઇન્ટર્નલ રેવન્યુ સેવા કોડ (Internal Revenue Service Code), 26 પાર્ટ્સ 1, 53, એન્ડ 602, RIN 1545-BK57; RIN 1545-BL30; RIN 1545-BL58 – ચેરિટેબલ હોસ્પિટલ્સ માટે વધારાની જરૂરીયાતો

**6.2.6** કેલીફોર્નીયા હોસ્પીટલ એસોસિએશન – હોસ્પીટલ ફાયનાન્સ આસીસ્ટન્સ પોલીસીસ એન્ડ કોમ્યુનિટી બેનેફિટ લોઝ (Hospital Financial Assistance Policies & Community Benefit Laws), 2015 એડિશન

**6.2.7** Catholic Health Association of the United States – A Guide for Planning & Reporting Community Benefit (કેથોલિક હેલ્થ એસોસિએશન ઓફ ધી યુનાઇટેડ સ્ટેટ્સ – એ ગાઇડ ફોર પ્લાનીંગ એન્ડ રીપોર્ટીંગ કોમ્યુનિટી બેનેફિટ), 2012 એડિશન

**6.3** પુરસ્કર્તા સૂચિ

**6.3.1** KFHP/H વેબસાઇટ્સ પર આ માટે પુરસ્કર્તા સૂચિઓ ઉપલબ્ધ છે:

**6.3.1.1** Kaiser Permanente of Hawaii

**6.3.1.2** Kaiser Permanente of Northwest

**6.3.1.3** Kaiser Permanente of Northern California

**6.3.1.4** Kaiser Permanente of Southern California

**6.3.1.5** Kaiser Permanente of Washington

*Proprietary Information. Kaiser Permanente. All rights reserved.*

**પુરવણી A**

**પારિભાષિક શબ્દકોશ**

**સમુદાય MFA (CMFA)** એટલે કે આયોજિત તબીબી આર્થિક સહાયતા પ્રોગ્રામ કે જે KP સુવિધાઓ ખાતે ઓછી આવકવાળા બિનવીમાકૃત અને અપર્યાપ્ત વીમાકૃત દર્દીઓને જરૂરી તબીબી સારવાર આપતી સમુદાય આધારિત અને સુરક્ષા વ્યવસ્થા કરતી સંસ્થાઓ સાથે મળીને કાર્ય કરે છે.

**ડ્યૂરેબલ મેડિકલ ઇક્વિપમેન્ટ (DME)** જેમાં માનક કેન, ક્રચ, નેબ્યુલાઇઝર, હેતુપૂર્વકનો લાભ પહોંચડતા પૂરવઠા, ઘર ઉપયોગ કરવા માટે ઓવર ધ ટ્રાન્ઝેક્શન યુનિટ, વ્હીલચેર, વોકર, હોસ્પિટલના પલંગ અને DME માપદંડ દ્વારા ઉલ્લેખિત મુજબ ઘરે ઉપયોગ માટેનો ઓક્સિજનનો સમાવેશ હોય છે પણ આટલે થી જ મર્યાદિત નથી. DME ઓર્થોટીક્સ, પ્રોસ્થેટીક્સ (જેમ કે ડાયનેમિક સ્પ્લીંટ્સ/ ઓર્થોસીસ, અને આર્ટિફિશ્યલ લેરીંક્ષ અને દવાઓ) અને કાઉન્ટર પર ઉપલબ્ધ પુરવઠા અને સોફ્ટ ગુડ્સ (જેમ કે યુરોલોજીકલ સપ્લાય્સ અને ઘાવ સપ્લાય્સ) નો સમાવેશ કરતું નથી.

**પાત્ર દર્દી** એટલે કે એવી વ્યકિત કે જે આ નીતિમાં પાત્રતા માટે દર્શાવેલ માપદંડોની પૂર્તિ કરે છે, પછી ભલે તે (1) બિનવીમાકૃત હોય; (2) સાર્વજનિક પ્રોગરામ મારફતે કરવરેજ પ્રાપ્ત થતું હોય (દા.ત.., મેડિકેર અથવા હેલ્થ ઇન્ફોર્મેશન એક્સચેન્જ તરફથી ખરીદેલ સહાયિત આરોગ્ય સારવાર કવરેજ); (3) તે KFHP સિવાય અન્ય કોઈ પ્લાન દ્વારા વીમાકૃત હોય; અથવા (4) KFHP દ્વારા વીમાકૃત હોય.

**બાહ્ય ડેટા સ્રોત** એ તૃતીય-પક્ષ વિક્રેતાઓ, કેર્ડિટ રિપોર્ટિંગ એજન્સીઓ વગેરે હોય છે, કે જે MFA પ્રોગ્રામ માતે પાત્રતાની આકારણી કરતી વખતે દર્દીની આર્થિક સ્થિતિની ખરાઈ કરવા અથવા પુષ્ટિ કરવા માટે KP વપરાતી આર્થિક સ્થિતિ માહિતી પ્રદાન કરે છે.

**ફેડરલ પોવર્ટી ગાઇડલાઇન્સ (FPG)** જે યુનાઇટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ અને હ્યુમન સર્વિસ દ્વારા નક્કી કરવામાં આવે તે મુજબ ગરીબી રેખા માટેની વાર્ષિક આવકના સ્તરો સ્થાપિત કરે છે અને દર વર્ષે ફેડરલ રજિસ્ટરમાં તેમાં સુધારો-વધારો કરવામાં આવે છે.

**નાણાકીય પરામર્શ** એ દર્દીઓને KP સુવિધાઓમાં પ્રસ્તુત કરાતી સેવાઓ માટે ચૂકવણી માટેની ઉપલબ્ધ વિવિધ નાણાકીય અને આરોગ્ય કવરેજ વિકલ્પો શોધવામાં દર્દીની સહાય કરવા માટે વપરાતી પ્રક્રિયા છે. ફાયનાન્સીયલ કાઉન્સેલિંગ મેળવતા દર્દીઓમાં આ મુજબ સમાવેશ થાય છે, પરંતુ મર્યાદિત નથી, સેલ્ફ-પે, વીમારહિત, વીમાહેઠળ, અને સંપૂર્ણ દર્દી જવાબદારી ચૂકવવા માટે અસમર્થતા દર્શાવી હોય તે.

*Proprietary Information. Kaiser Permanente. All rights reserved.*

**પુરવણી A**

**પારિભાષિક શબ્દકોશ (ચાલુ.)**

**બેઘર** એ એવી કોઈ વ્યક્તિની સ્થિતિનું વર્ણન કર છે આમાંથી એક સ્થાનમાં અથવા સ્થિતિમાં રહે છે:

- માનવ રહેઠાણ ન હોય તેવા સ્થળોમાં, જેમ કે કાર્સ, પાર્ક્સ, ફુટપાથ, ત્યાગ કરવામાં આવેલ બિલ્ડીંગ (શરી પર); અથવા
- ઇમરજન્સી આશ્રયસ્થાનમાં; અથવા
- મૂળ શેરી અને ઇમરજન્સી આશ્રયસ્થાનોમાંથી આવતા બેઘર લોકો માટેના પરીવર્તનશીલ અથવા સહાયક નિવાસમાં.
- ઉપરોક્તમાંથી કોઇપણ સ્થળોમાં પરંતુ હોસ્પીટલ અથવા અન્ય સંસ્થામાં ટૂંકો સમય (સતત 30 દિવસો) વિતાવતા હોય.
- ખાનગી નિવાસ એકમમાંથી એક સપ્તાહમાં હાંકી કાઢવામાં આવ્યાં હોય અથવા ઘરેલું હિંસા સ્થિતિથી કાઢી મૂક્યા હોય પરિણામે કોઇ ઘર ન હોય અને વ્યક્તિ સ્ત્રોતોની ખોટ ધરાવતા હોય અને નિવાસ હાંસલ કરવા માટે સહાય નેટવર્ક્સની આવશ્યકતા હોય.
- માનસિક સ્વાસ્થ્ય અથવા આવશ્યક ગેરવર્તણૂક સારવાર સુવિધા જેવી સંસ્થામાં વ્યક્તિ સતત 30 દિવસથી વધુ નિવાસ કર્યો હોય અને તેમા;થી એક સપ્તાહમાં છૂટ્ટા કરવામાં આવ્યાં હોય અને પરિણામે કોઇ ઘર ન હોય અને વ્યક્તિ સ્ત્રોતોની ખોટ ધરાવતા હોય અને નિવાસ હાંસલ કરવા માટે સામાજિક સહાય નેટવર્ક્સની આવશ્યકતા હોય.

**KP** માં કૈસર ફાઉન્ડેશન હોસ્પિટલ પ્લાન્સ, પર્મનેન્ટ મેડિકલ ગ્રુપ્સ અને કૈસર પર્મનેન્ટ ઇંસ્યુરન્સ કંપની (KPIC) સિવાયની, તેમની સંબંધિત શાખા કંપનીઓનો સમાવેશ થાય છે.

**KP સુવિધાઓ**માં દર્દીને સારવાર આપવાના સ્થાન (દા.ત. ઇમારત અથવા KP ફ્લોર, યુનિટ અથવા KP ની માલિકીના ન હોય તેવા અન્ય આંતરિક અને બાહ્ય વિસ્તારો) સહિત, KP વ્યવસાય કાર્યોના સંચાલનમાં KP ની માલિકી ધરાવતા અથવા તેના દ્વારા લીઝ પર લીધેલ બિલ્ડિંગના બાહ્ય અથવા આંતરિક ભાગ સહિત કોઈપણ ભૌતિક પરિસરોનો સમાવેશ હોઈ શકે છે.

**આજીવિકાના સાધનની તપાસ** એ એક પદ્ધ્તિ છે કે જેના દ્વારા વ્યક્તિની આવક ફેડરલ પોવર્ટી ગાઇડલાઇન્સમાં ઉલ્લેખિત ટકાવારી કરતાં વધુ છે કે કેમ તેના આધારે સાર્વજનિક કવરેજ પ્રોગ્રામ અથવા MFA માટે પાત્રતા નક્કી કરવા માટે દર્દી દ્વારા પ્રદાન કરવામાં આવેલ બાહ્ય સ્રોત અથવા માહિતી ઉપયોગમાં લેવાય છે.

*Proprietary Information. Kaiser Permanente. All rights reserved.*

**પુરવણી A**

**પારિભાષિક શબ્દકોશ (ચાલુ.)**

**તબીબી આર્થિક સહાયતા (MFA)** પોતાના જરૂરી તબીબી સેવાઓ, ઉત્પાદનો અથવા મેડિકેશનના તમામ અથવા અમુક ખર્ચા માટે ચૂકવણી કરી ન શતા હોય તેવા લોકો અથવા જેમણે સાર્વજનિક અને ખાનગી અદાકર્તા સ્રોતો વપરાઈ ગયા છે તેવા પાત્ર દર્દીઓ માટે તબીબી ખર્ચા ચૂકવવા માટે આર્થિક પુરસ્કાર આપે છે. વ્યક્તિએ સારવારના અમુક અથવા તમામ ખર્ચા ચૂકવવામાં સહાયતા માટે પ્રોગ્રામ માપદંડોની પૂર્તિ કરવી જરૂરી છે.

**તબીબી પૂરવઠા** એટલે કે પાછી ઉપયોગમાં ન લઈ શકાય તેવી તબીબી સામગ્રીઓ જેમ કે સ્પ્લિંટ, સ્લિંગ, ઘા ડ્રેસિંગ્સ અને બૅન્ડેજ કે જે તબીબી રૂપે જરૂરી સેવા પ્રદાન કરતી વખતે લાઇસન્સવાળા સ્વાસ્થ્ય સેવા પ્રદાતા દ્વારા ઉપયોગમાં લેવાય છે અને દર્દીએ બીજા સ્રોતથી ખરીદેલ અથવા મેળવેલ સામગ્રીઓને બાકાત કરવામાં આવેલ છે.

**ફાર્મસી વેઇવર** એ ઓછી આવકવાળા KP Senior Advantage Medicare Part D સભ્યો કે જેઓ મેડિકેર પાર્ટ D હેઠળ કવર થતી બહારના દર્દી પ્રીસ્ક્રિપ્શનની દ્વાઓ માટે તેમના ખર્ચાને પહોંચી વડે તેમ નથી તેમને આર્થિક સહાય આપે છે.

**સુરક્ષા વ્યવસ્થા**(Safety Net) તેવી બિનલાભાર્થી સંસ્થા અને/અથવા સરકારી એજન્સીઓનો સંદર્ભ આપે છે કે જે સાર્વજનિક હોસ્પિટલ, સમુદાય ક્લિનિક, ચર્ચ, બેઘર માટે આશ્રયસ્થાન, ચલિત સ્વાસ્થ્ય સેવા એકમ, શાળા વગેરે જેવી સમુદાય વ્યવસ્થામાં બીનવીમાકૃત વ્યક્તિને સીધે તબીબી સારવાર સેવાઓ પ્રદાન કરે છે.

**અપર્યાપ્ત વીમાકૃત** એ એક એવી વ્યક્તિ છે, કે જેને એમ લાગે છે કે, વીમાનું પ્રીમિયમ, કોપેમેન્ટ, સહિયારો વીમો અથવા કપાતપાત્ર રકોમો એ નોંધપાત્ર આર્થિક બોજારૂપ છે જેને તે કે તેણી વિલંબથી ચૂકવે છે અથવા ખિસામાંથી ખર્ચ થવાને કારણ જરૂરી આર્થિક સેવા મેળવતા નથી.

**બિનવીમાકૃત** એવી વ્યક્તિ કે જે આરોગ્ય સારવાર સેવાઓ માટે આરોગ્ય વીમો ધરાવતી નથી અથવા આ સેવાઓ માટે ફેડરલ કે રાજ્ય દ્વારા અપાતી આર્થિક સહાય મેળવતા નથી.

**સંવેદનશીલ વસ્તીઓ** જેમાં એવા વસ્તી વિષયક જૂથોનો સમાવેશ થાય છે કે જેમનું આરોગ્ય અને કલ્યાણ સામાજિક-આર્થિક સ્થિતિ, બીમારી, જાતી, ઉંમર અને અક્ષમતાઓના અન્ય કારકોને લીધે સામાન્ય વસ્તીના લોકો કરતાં વધુ જોખમમાં હોવાનું માનવામાં આવેલ હોય.

**બોડી એટેચમેન્ટ રાઇટ** એ અદલાત દ્વારા નિદેશિત અધિકારીઓ જે અદાલત, ધરપકડ વોરંટ જેવા કાયદાનો અનાદર કરતી જણાય તેવી વ્યક્તિઓને હાજર કરવા માટે દ્વારા શરૂ કરાતી પ્રક્રિયા છે.

*Proprietary Information. Kaiser Permanente. All rights reserved.*

**પુરવણી: Kaiser Permanente Southern California**

**I. Kaiser Foundation Hospitals.** સર્ધન કેલીફોર્નીયા રીજીયનમાં નીચે મુજબની Kaiser Foundation Hospitals આ પોલીસી લાગુ થાય છે:

| | |
|---|---|
| KFH Anaheim | KFH Moreno Valley |
| KFH Irvine | KFH San Diego |
| KFH Baldwin Park | KFH West Los Angeles |
| KFH Fontana | KFH Woodland Hills |
| KFH Harbor City | KFH Downey |
| KFH Los Angeles | KFH Ontario |
| KFH Panorama | KFH Zion |
| KFH Riverside | |

નોંધ: Kaiser Foundation Hospitals, હોસ્પિટલ ફેર પ્રાઇઝિંગ પૉલીસી, કેલિફોર્નિયા સ્વાસ્થ્ય અને સુરક્ષા કોડ §127400 (Hospital Fair Pricing Policies, California Health & Safety Code) નું પાલન કરે છે.

**II. MFA પોલીસી હેઠળ લાયક અને લાયક ન હોય તેવી વિશેષ સેવાઓ.**

a. **બેઘર દર્દીઓ માટે પરિવહન.** KP હોસ્પિટલ અથવા KP ઇમર્જન્સી ડિપાર્ટમેન્ટ્સમાંથી સરળતાથી રજા લઈ શકે તે માટે બેઘર લોકો હેતુ સંકટ અને બિન-સંકટની સ્થિતિ માટે ઉપલબ્ધ છે.

b. **અપવાદરૂપ ધોરણે ઉપલબ્ધ વિશેષ લાયક સેવાઓ.** ચોક્કસ પરિસ્થિતિઓમાં, ઉચ્ચ તબીબી ખર્ચ માપદંડ પૂર્ણ કરતા હોય તેવા દર્દીઓ માટે KP પુરસ્કર્તાઓ દ્વારા લખી આપવામાં આવેલ અથવા ઓર્ડર આપેલ હોય તેવા ડ્યુરેબલ મેડિકલ ઇક્વીપમેન્ટ (DME) અને નોન-KP સુવિધાઓ તરફથી સેવાઓ સાથે MFA લાગુ થઇ શકે છે (ઉપર આપેલ વિભાગ 5.6.2, ઉચ્ચ તબીબી ખર્ચ માપદંડ.).

i. **કૌશલ્યપૂર્ણ નર્સિંગ સેવાઓ.** કરારબદ્ધ KP ફેસેલીટી દ્વારા દર્દીને સેવા આપવામાં આવે છે જેમાં KP પુરસ્કર્તા દ્વારા નક્કી કર્યા મુજબ લખી આપેલ તબીબી જરૂરિયાતો, હોસ્પીટલ મુક્તિ સેવાઓનો સમાવેશ થાય છે.

ii. **ડ્યુરેબલ મેડિકલ ઇક્વીપમેન્ટ (DME).** DME માર્ગદર્શનો સાથે સુસંગત KFHP/H DME ડિપાર્ટમેન્ટ મારફતે KP પુરસ્કરતા દ્વારા ઓર્ડર આપવામાં આવેલ હોય અને

*Proprietary Information. Kaiser Permanente. All rights reserved.*

તબીબી જરૂરિયાત માપદંડ પૂર્ણ કરતા હોય તે દર્દીને કરારબદ્ધ વેન્ડર દ્વારા આપવામાં આવેલ હોય.

c. **વિશેષ ગેર-લાયક સેવાઓ.**

i. શ્રાવ્ય સાધનો

ii. દ્રષ્ટિ સાધનો

iii. **Medi-Cal શેર ઓફ કોસ્ટ (Share of Cost, SoC) સાથે સંલગ્ન ખર્ચા.** SoC ને Medi-Cal પ્રોગ્રામના આંતરીક ભાગ તરીકે ગણવામાં આવે છે, આવક મર્યાદાની ઉચ્ચ સમાપ્તિ પર હોય તેવા Medi-Cal લાભકર્તાઓને સહાય કરવા સ્વાસ્થ્ય સંભાળ લાભો પૂરાં પાડવા માટે તેની રચના કરવામાં આવી છે. SoC હેઠળ સમાવેશ પામતી સેવાઓ માટે ખર્ચા માટે MFA લાગુ થઇ શકશે નહીં.

**III.** **MFA પોલીસીને આધીન પુરસ્કર્તાઓ અને આધીન ન હોય તેવા પુરસ્કર્તાઓ.** KFHP/H MFA ની વેબસાઇટ www.kp.org/mfa/scal પર, વિના મૂલ્યે, સામાન્ય લોકો માટે ઉપલબ્ધ MFA પોલીસીને આધીન હોય અને આધીન ન હોય તેવા પ્રદાતાઓની સૂચિ Kaiser Foundation Hospitals ઉપલબ્ધ છે.

**IV.** **પ્રોગ્રામ માહિતી અને MFA માટે કેવી રીતે અરજી કરવી.** MFA પોલીસી, અરજી ફોર્મ્સ, સૂચનાઓ, અને સરળ ભાષામાં સાર (જેમ કે પ્રોગ્રામ બ્રાઉચર્સ) ની નકલો સહિતની MFA પ્રોગ્રામ માહિતી ઇલેક્ટ્રોનિક સ્વરૂપ અથવા હાર્ડ કોપીમાં, વિના મૂલ્યે, જાહેર જનતા માટે ઉપલબ્ધ છે. વ્યક્તિગત રીતે, ટેલીફોન મારફતે, અથવા પેપર એપ્લીકેશન દ્વારા સહિત વિવિધ રીતે KFHP/H માંથી સારવાર મેળવ્યા બાદ અથવા દરમિયાન, MFA પ્રોગ્રામ માટે દર્દી અરજી કરી શકશે. (ઉપરોક્ત 5.3 અને 5.4 કલમો જુઓ.)

a. **KFHP/H વેબસાઇટ પરથી પ્રોગ્રામ માહિતી ડાઉનલોડ કરો.** MFA ની વેબસાઇટ www.kp.org/mfa/scal પર પ્રોગ્રામ વિશેની માહિતીની ઇલેક્ટ્રોનિક નકલો ઉપલબ્ધ છે.

b. **પ્રોગ્રામ માહિતીની ઇલેક્ટ્રોનિક રીતે વિનંતી કરો.** વિનંતી પર ઇમેઇલ દ્વારા પ્રોગ્રામની ઇલેક્ટ્રોનિક માહિતીની નકલો ઉપલબ્ધ છે.

c. **પ્રોગ્રામ માહિતી પ્રાપ્ત કરો અથવા વ્યક્તિગત રીતે અરજી કરો.** Kaiser Foundation Hospitals વિભાગ I માં દર્શાવેલ *Kaiser Foundation Hospitals*દાખલ થવા પર અને ઇમરજન્સી રૂમ ડિપાર્ટમેન્ટ્સ ખાતે પ્રોગ્રામ માહિતી ઉપલબ્ધ છે.

*Proprietary Information. Kaiser Permanente. All rights reserved.*

d. **પ્રોગ્રામ માહિતીની અરજી કરો અથવા ટેલીફોન દ્વારા અરજી કરો.** ટેલીફોન પર સલાહકારો ઉપલબ્ધ છે જેથી માહિતી પૂરી પાડી શકાય, MFA લાયકાત નક્કી કરી શકાય, અને MFA માટે અરજી કરવા માટે દર્દીને સહાય કરી શકાય. સલાહકારો અહીં ઉપલબ્ધ થઇ શકશે:

ટેલિફોન નંબર(રો): 1-800-390-3507

e. **પ્રોગ્રામ માહિતીની અરજી કરો અથવા ઇમેઇલ દ્વારા અરજી કરો.** દર્દી પ્રોગ્રામ માહિતીની ઇમેઇલ દ્વારા અરજી કરી શકશે અને મેઇલ મારફતે સંપૂર્ણ MFA પ્રોગ્રામ અરજી જમા કરાવી MFA માટે દર્દી અરજી કરી શકશે. માહિતી વિનંતીઓ અને અરજીઓ અહીં મેઇલ કરી શકાશે:

Kaiser Permanente
Attention: Medical Financial Assistance
P.O. Box 7086
Pasadena, CA 91109-7086

f. **સંપૂર્ણ અરજી વ્યક્તિગત રીતે આપવી.** દરેક Kaiser Foundation Hospitals પ્રવેશ ડિપાર્ટમેન્ટ્સમાં વ્યક્તિગત રીતે સંપૂર્ણ અરજીઓ મોકલી શકાશે.

**V. લાયકાત માપદંડ.** MFA લાયકાત નક્કી કરતી વખતે દર્દીની ઘરેલુ આવક ધ્યાને લેવામાં આવે છે. (ઉપરોક્ત 5.6.1. કલમજુઓ.)

a. નબળું-પરીક્ષણ માપદંડઃ ફેડરલ પોવર્ટી ગાઇડલાઇન્સના 350% ટકા સુધી

b. કપાત ધરાવતા હોય તેવા KFHP સભ્યો પ્રોગ્રામ માટે લાયક થવા માટે ફરજિયાત ઉંચા તબીબી ખર્ચ માપદંડ પૂર્ણ કરે છે

**VI. છૂટનું સમયપત્રક.** KP તબીબી આર્થિક સહાય માટે લાયક દર્દીને ચાર્જ કરે છે તે રકમ, પ્રોગ્રામ માટે દર્દીને લાયક બનાવવા માટે ઉપયોગમાં લેવાતા પાત્રતાના માપદંડના પ્રકાર પર આધારિત છે.

a. **દર્દી મીન્સ-ટેસ્ટિંગ માપદંડને પૂર્ણ કરે છે.** જે દર્દી મીન્સ-ટેસ્ટિંગના માપદંડને પૂર્ણ કરે છે, તે પ્રદાન કરેલ સેવાઓ માટેના ચાર્જના ભાગ પર 100% ડિસ્કાઉન્ટ પ્રાપ્ત કરશે, જેના માટે દર્દી જવાબદાર છે.

*Proprietary Information. Kaiser Permanente. All rights reserved.*

b. **દર્દી ઉચ્ચ તબીબી ખર્ચ માપદંડને પૂર્ણ કરે છે.** જે દર્દી ઉચ્ચ-તબીબી ખર્ચના માપદંડને પૂર્ણ કરે છે, તે પ્રદાન કરેલ સેવાઓ માટેના ચાર્જ પર 100% ડિસ્કાઉન્ટ પ્રાપ્ત કરશે જેના માટે દર્દી જવાબદાર છે.

**VII. પુરસ્કાર પાત્રતાની મુદત.** મંજૂરીની તારીખ, અથવા સેવાઓ પૂરી પાડવામાં આવી હોય તે તારીખથી અથવા દવા આપવામાં આવી હોય તે તારીખથી MFA ની ફાળવણી શરૂ થાય છે. MFA પુરસ્કાર માટે પાત્રતા મુદત માત્ર મર્યાદિત સમય માટે જ છે. (ઉપરોક્ત 5.8.2 કલમો જુઓ.)

a. મહત્તમ પાત્રતા મુદત કોઈ ચોક્કસ સમય મુદતના આધારે હોય છે:

i. યોગ્ય સેવાઓ માટે માનક પુરસ્કાર: ચૂકવવાની બાકી હોય તે રકમ અને બાકી શુલ્ક સહિત, 365 દિવસ સુધી

ii. વીમારહિત દર્દીઓ માટે સંભવિત લાયકાત ફાળવણીઃ 30 દિવસ

iii. કૌશલ્યપૂર્ણ નર્સિંગ સંભાળઃ 30 દિવસ સુધી

iv. ડ્યુરેબલ મેડિકલ સાધનઃ 180 દિવસ સુધી

b. સારવારના સમયગાળા/સેવાના સમયગાળા માટે મહત્તમ પાત્રતા મુદત: 365 દિવસ સુધી

c. પબ્લિક અને પ્રાઇવેટ હેલ્થ કવરેજ પ્રોગ્રામ્સ માટે પાત્ર હોય તેવા સંભવિત દર્દીઓ માટે મહત્તમ પાત્રતા મુદત: 30 દિવસ સુધી

d. એક વખત ફાર્મસી ફાળવણી માટે મહત્તમ પાત્રતા મુદત: 30 દિવસ

e. અન્ય હોસ્પિટલ અને/અથવા વ્યાવસાયિક સેવાઓ માટે, કોઈ દર્દીએ અરજી કરેલી હોય અને તેને MFA ની મંજૂરી આપવામાં આવી હોય તેવી સ્થિતિમાં, Medicare, Medi-Cal અથવા અમુક અન્ય સરકારી અદાકર્તા અથવા દ્વારા ચુકવવાની રકમ KFHP/H ની અપેક્ષા કરતાં વધુ પ્રાપ્ત થયેલ કોઈપણ રકમનું રિફંડ આપી દેવામાં આવે છે

i. કોડ ઓફ સિવીલ પ્રોસીજરની કલમ 685.010 માં દર્શાવેલ દરે વ્યાજમાં વધારો થશે; દર્દી દ્વારા ચૂકવણીની તારીખની પ્રાપ્તિ હોસ્પીટલ મારફતે થાય છે. વર્તમાન દર 10% છે.

*Proprietary Information. Kaiser Permanente. All rights reserved.*

**VIII.** **એમાઉન્ટ્સ જનરલી બિલ્ડ (AGB) ની ગણતરી માટે આધાર.** કોઇ ઇમરજન્સી અથવા AGB દરે સંભાળ માટે કુલ ખર્ચાનો ગુણાકાર કરી પાછળની રીતનો ઉપયોગ કરી અન્ય તબીબી આવશ્યક સંભાળ માટે AGB KFHP/H નક્કી કરે છે. AGB દર અને ગણતરી સંબંધિત માહિતી KFHP/H MFA ની વેબસાઇટ www.kp.org/mfa/scal પર ઉપલબ્ધ છે.

*Proprietary Information. Kaiser Permanente. All rights reserved.*